R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 58 Issue No. 3 June - 2014

## આજનો યુવાન-રોલમોડલની શોધમાં (એક યથાર્થ-અવલોકન)

આજના એકવીસમી સદીનો નવયુવાન રોલમોડલની શોધમાં છે એની સમક્ષ નેતા ઓછા અને અભિનેતા ઘણા છે. અભિનેતાનું અંગતજીવન ઘણુ ખરૂ ભંગાર હોય છે. એમનો દેખાવ આકર્ષક હોય છે અને એમની અદા મનમોહક હોય છે. ઘણુખરૂ એમનું જીવન વ્યસની અને પરિવારજીવન અમધુર હોય છે.

બને એટલા ઓછા સમયમાં, બને એટલી વધુ ઝડપથી, બને તેટલા મોડા આંકડામાં પૈસા એકઠા કરી લેવા માટે રાજકારણીઓ, વકીલો, ડોકટરો, બિલ્ડરો અને સરકારી ઓફીસરો અધીરા બન્યા છે.

ગરીબ અને અભણ પ્રજાને તો કેટલાક લોભિયા લોકો પોતાની ગમાણમાં પડેલો ઘાસચારોજ સમજે છે. ગરીબી રેખાની નીચે સબડતી રૈયત તો સુખી લોકોના વૈભવ-ફોલઆઉટ તરીકે જીવન જીવી રહી છે.

ગરીબી એમની દુશ્મન છે- નિરક્ષતા એમની સાવકી મા છે.
રોગ એમનો વણજોઈતો મહેમાન છે અને વ્યસન કાયમી ખલનાયક છે.

ખરીવાત એ છે કે દેશની યુવાની લગભગ દિશાહીન છે. રાજનેતાઓ ભષ્ટાચાર અને વિલાસી જીવન જીવવામાંથી નવરા પડે ત્યારે દેશને યાદ કરેને. જ્યાં શબ્દકોશમાં જોડણી ખોટી હોય ત્યાં માણસ ક્યાં જાય? સમાજની આબોહવામાં ભ્રષ્ટાચાર ગંધાય છે. આપણો સમાજ દુર્ગંધથી ટેવાઈ ગયો છે. એથી હવે નાક દબાવવાની જરૂર પણ ક્યાં છે. ક્યારેક જોવા મળતાં સુગંધીદાર માણસો ઝટ ઓળખાતા નથી.

આધુનિકતાની આંધળી દોડમાં સૂખા પત્તાની જેમ યુવાપેઢી ઊડી રહી છે. - સંકલન

# Shree Balasinor Navyuvak Sangh

## We still require 2 more donors for
## Rs 25,00,000/- (TWENTY FIVE LAC)
## whose photo will be framed at hall & Units of Rs 11,00,000/- & more, names will be engraved in metal plate at hall

We on behalf of Shree Balasinor Navyuvak Sangh Managing Committee, an organization that is working for providing educational, Medical,development & entertainment activities for Balasinor community . We feel that this drive should be supported by generous donors, for better facility provision for our members. Our organization is dedicated to the process of realizing this dream true but we need your help.

Your donation will bring us closer to our goal. Many business and community leaders are on board as well as hundreds of individuals. Our community is clearly excited and eager to see this project succeed. You can be a part of that excitement by supporting our youth with a donation. We will be happy to acknowledge your donation.

We would like to thank you for considering this opportunity to partner with our organization for raising funds. If you have any queries regarding our organization, our fund management policy, or the project itself, please feel free to contact our President Shri Kalpesh Suresh Dharia (Balbal) on cell 09820183907 or on mail id indirecttax@khassociates.co.in

Thank you,

| | |
|---|---|
| Shri Kalpesh Suresh Dharia | (President) |
| Shri Saumil Jitendra Mody | (Vice President) |
| Shri Bhavesh Bipin Mody | (Secretary) |
| Shri Jasmine Bipin Sheth | (Jt.Secretary) |
| Shri Nilesh Navnitlal Shah | (Jt.Secretary) |
| Shri Nikesh Jayendra Gandhi | (Treasurer) |
| Shri Daxesh Babulal Kadakia | (Hon.Member) |
| Shri Yogesh Ramniklal Dharia | (Hon.Member) |
| Shri Rajendra Kirtanlal Desai | (Hon.Member) |
| Shri Vrajesh Navnitlal Desai | (Hon.Member) |

Shri Rajnikant Kantilal Kadakia (Dhariwala)
Shri Pravinchandra Koderlal Shah (P.K.)
Shri Rasikbhai Sankerlal Mody (Dev)
Shri Rajnikant Kantilal Kadakia (Latkari)
Shri Pravichandra Poonamchand Kadakia
Shri Pravinchandra Occhavlal Desai(Dedki)
Shri Pradeep Pravinchandra Kadakia
Shri Dilipbhai Muljibhai Dharia(Lalkha)
Shri Pankaj Kantilal Dharia(Lalkha)
Shri Kartik Rasiklal Kadakia
Shri Hemendra Ramanlal Shah (Chakva)
Shri Jigar Manikant Kadakia
Shri Alpesh Yogendra Dharia

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૮ | ૩ | ૨૧-૦૬-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

**બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ**

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

✤✤✤

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

✤✤✤

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

✤✤✤

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# હું પણ એક વૃક્ષ વાવીશ

**– બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

વૃક્ષ એ પૃથ્વી પરના ઋષિમુની છે. જે રીતે ઋષિમુનિ તપ દ્વારા અને નિસ્વાર્થ ભાવે સમસ્ત પ્રાણી પદાર્થનું કલ્યાણ ઈચ્છે છે તે રીતે જ વૃક્ષના આપણે સૌ કૃપાપાત્ર છીએ.

જીવનના ધ્યેયને સિધ્ધ કરવા સંકલ્પ કરવો જરૂરી છે. સંકલ્પ દ્વારા વિચાર દૃઢ બને છે, કાર્યસિધ્ધ થાય છે. આ વર્ષાઋતુમાં એક વૃક્ષ વાવવાનો સંકલ્પ આપણે કરવાનો છે. ફળફળાદિ, શાકભાજી, ઔષધ, જીવનપયોગી અનેક વિધ વસ્તુઓ, ઉદ્યોગો, બળતણ વગેરે માટે વૃક્ષ પાસેથી આપણે ઘણું જ પ્રાપ્ત કરીએ છીએ. દિવસ દરમ્યાન શુધ્ધ ઓક્સિજન (પ્રાણવાયુ), છાંયડો, ઠંડક, સુગંધ વગેરે વૃક્ષ દ્વારા પ્રાપ્ત થાય છે. ઋતુચક્રના ચાલકબળમાં વૃક્ષ મોટો ભાગ ભજવે છે. મોટા અને ઘટાદાર વૃક્ષમાં પુષ્કળ વીજભાર હોવાને લીધે વરસાદ ખેંચાઈને આવે છે. નજીકના ભૂતકાળમાં ગાંધીનગરના હારબંધ વૃક્ષો એ જ ભૂકંપના કોપમાંથી ગાંધીનગરને બચાવી લીધું હતું. અર્થાત ભૂકંપ જમીનમાં ભીતરથી સરકીને આગળ નીકળી ગયો હતો. આવનારી પેઢીના સારા જીવનના હિતાર્થે વૃક્ષ વાવવા ખૂબ જરૂરી છે. દરેક કાર્ય માટે ફક્ત સરકાર પર આશા રાખવા કરતા આવા કાર્યમાં જન જન સામાજીક સંસ્થાઓના સાથને લીધે કાર્યને વેગ મળે છે. ધરતીપરનું સમતોલપણું જળવાઈ રહે છે. કોઈકે વાવેલા આંબાના ફળ આપણે ખાઈએ છીએ. કુદરતના

કાર્યો કરવા, કુદરતના નિયમોને અનુસરવા, કુદરતી સંપત્તિઓના રક્ષણ, સંયમ અને ઉપાર્જનમાં ભાગ લેવા આપણો જન્મ થયો છે. સરકારે વૃક્ષના જતન, સંરક્ષણ માટે કાયદા ઘડયા છે. પરવાનગી વગર ઝાડ કાપવા, છટણી કરવી મોટો ગુનો બને છે. બિન જામીનપાત્ર ગુનો ઠરે છે. સરકારે વાતાવરણ, સમસ્ત પ્રાણીમાત્ર અને નવી પેઢીના ઉજવળ ભવિષ્ય માટે આવા કાયદા ઘડયા છે. જે સર્વદા આવકારપાત્ર છે.

લીમડો, પીપળો, વડ, નાળીયેરી, બદામ, આંબો, ચીકુ, કાજુ, બિલીપત્ર, ગુલમહોર, સરગવો, રેઈન ટ્રી તમને પ્રિય હોય તેવું કોઈપણ એક વૃક્ષ કંપાઉન્ડમાં, રસ્તા પર, પોતાના ગામમાં ક્યાંય પણ ઉગાડો અને સદ્‌કાર્યના સહભાગી બનો.

✤✤✤✤✤

## અભિનંદન અભિનંદન

સર્વ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને પરિક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ હાર્દિક શુભેચ્છા. પ્રગતિકારક રિઝલ્ટ અને નવા શૈક્ષણિક વર્ષમા રૂમઝુમ પ્રવેશ રોમાંચકારી હોય છે. એચ.એસ.સી. અને એસ.એસ.સી. બોર્ડના વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓના રિઝલ્ટ ટૂંક સમય પહેલાં જ આવ્યા છે. તે સર્વેને પણ બોર્ડની પરિક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ હૃદયપૂર્વકના અભિનંદન. બોર્ડની પરિક્ષાના આ વર્ષ જીવનની કારિકિર્દીના ઘડતર માટે ખૂબ મહત્વના હોય છે. સર્વ સંસ્થા આપ સૌને સમાજના મહત્વના ભાગરૂપે બિરદાવે છે અને શુભકામના પાઠવે છે. આપની પ્રગતિથી સમાજને નવી ઉંચાઈ પ્રાપ્ત થાય છે અને ગર્વિષ્ઠ બને છે.

# ગૃહસ્થ યોગ

**- પ્રેરણા સુનીલ શાહ**

ભારતીય દર્શનશાસ્ત્રમાં મુખ્ય છ દર્શનશાસ્ત્ર છે. યોગ તેમાનું એક આસ્તિક દર્શનશાસ્ત્ર છે. યોગનો ઉલ્લેખ વેદ, પુરાણ, ઉપનિષદ, મહાભારત તેમજ શ્રીમદ્ ભગવત્ગીતામાં પણ છે. પરંતુ આ જ્ઞાનનો નિચોડ આપણી સમક્ષ લાવવાનો શ્રેય મુનિશ્રી પાતાંજલિને જાય છે. તેમણે લગભગ ૪૦૦ B.C. માં (જીસસના જન્મ પહેલાં) ૧૯૬ યોગસૂત્ર દ્વારા આપણી સમક્ષ યોગનું જ્ઞાન મુક્યું છે.

પૌરાણિક કથા અનુસાર તેમને શેખનાગનો અવતાર માનવામાં આવે છે. તેમનો જન્મ બ્રાહ્મણની અંજલિ મુદ્રામાં (હથેલીમાં) થયેલો જણાવાય છે. તેમને આપણે નીચે દર્શાવેલ શ્લોક દ્વારા વંદન કરીએ.

योगेन चित्तस्य पदेनं वाचां मलं शरीरस्य च वैदिकेन ।

योपाकरोतं प्रवरं मुनीनां पतज्जलिं प्राग्जलिशनतोस्मि ।।

અર્થાત્ હું મારા બંન્ને હાથ જોડીને મુનિશ્રી પાતાંજલિને પ્રણામ કરું છું. જે મારા મનની અશુદ્ધિઓને યોગ દ્વારા તથા વાણીની અશુદ્ધિઓને વ્યાકરણ દ્વારા તથા શરીરની અશુદ્ધિઓ દવા દ્વારા દુર કરે છે.

યોગ અર્થાત્ જોડવું. શરીર અને મનને જોડી તેના દ્વારા આત્મા સુધી પહોંચી પરમાત્મા સુધી પહોંચવું. યોગ અર્થાત્ આસન નહીં. યોગ એટલે જીવન જીવવાની કળા. યોગ એક અનુભવનું શાસ્ત્ર છે. યોગ આપણા જીવનમાં વણી લેવાની ક્રિયા છે.

યોગના ઘણા પ્રકાર છે. રાજયોગ, હઠયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, સંસ્યાસયોગ, નાદયોગ, લયયોગ, બિંદુયોગ, મંત્રયોગ, ધ્યાનયોગ, ક્રિયાયોગ વિગેરે. પરંતુ અહીં મારે ગૃહસ્થયોગની વાત કરવી છે જે સામાન્ય મનુષ્ય રોજ પોતાના જીવનમાં ઉતારીને પોતાના અંતિમ ધ્યેય અર્થાત્ મોક્ષને પામી શકે છે.

ગૃહસ્થ યોગના મુખ્ય ચાર સ્તંભ છે. આહાર, વિહાર, આચાર, વિચાર.

**(૧) આહાર અર્થાત્ ખોરાક :** આહારને હઠપ્રદિપીકા ગ્રંથમાં મિતાહાર કહ્યો છે. અર્થાત્ આહાર વધારે પણ ન લેવો અને ઓછો પણ ન લેવો. આહાર સુપાચ્ય, શક્તિવર્ધક તથા હિતવર્ધક હોવો જોઈએ, જે શરીરમાંની સાત ધાતુઓને પોષણ આપે.

આહારના ત્રણ પ્રકાર છે.

**સાત્વિક આહાર:** જેમા દુધ, દુધની બનાવટો (દહીં, પનીર) સુકો મેવો, સીઝન પ્રમાણે થતા શાકભાજી તથા ફળો. લીલા પાંદડાવાળા તથા રેસાયુક્ત શાકભાજી, ઘઉંની બનાવટો અને અંકુરિત (ફણગાવેલા) ધાન્ય.

**રાજસિક આહાર:** તીખો તમતમતો મસાલેદાર ખોરાક તથા માંસાહારી ભોજન. વધુ પડતાં કાંદા અને લસણનો ઉપયોગ અને વધુ પડતાં કઠોળનો ઉપયોગ.

**તામસિક આહાર:** ચા, કોફી, સોફ્ટ ડ્રીંક્સ, મેંદાની બનાવટો, રેડીમેડ પેકેટ, જંક ફુડ, અને દારૂ.

**અન્ન એવું મન.** સાત્વિક આહાર ખાવાથી મન સાત્વિક થાય. સાત્વિક આહારથી શરીરમા પ્રાણનું વહન સારી રીતે થાય, મન શાંત તથા શુદ્ધ રહે. જમતી વખતે મન પ્રસન્ન અવસ્થામાં રાખવું. ધીરે ધીરે તથા શાંતિથી ચાવીને ખાવું. બને તો સાત્વિક આહાર લેવો. બને તો નિયત (ફીકસડ) સમય પર, યોગ્ય અંતર રાખીને યોગ્ય માત્રામાં આહાર લેવો.

**વિહારઃ** અર્થાત્ મનોરંજન, શિથિલીકરણ, આરામ, આજની આધુનિક જિંદગીમાં રીલેક્સેશન અત્યાવશક છે ઉંમર તથા પ્રવૃત્તિને જોઈને યોગ્ય આરામ કરવો. પ્રવૃત્તિમય રહેવું, પરંતુ સ્ટ્રેસ અને પ્રવૃત્તિમય વચ્ચે પાતળી રેખા છે. તેને અનુસંધાનમાં રાખીને આરામ કરવો.

યોગમાં ઘણા રીલેકેશેકન આસન છે. જેવા કે શવાસન, મકરાસન, યોગનિંદ્રા તથા નિસ્પંદ પ્રાણાયામ.

વિહાર અર્થાત્ થોડી કસરત, દિવસમાં ૧/૨ કલાક ચાલવા જવું. શરીરને ફલેકસીબલ રાખવું.

વિહાર અર્થાત્ મનગમતી પ્રવૃત્તિ, જીવનમાં જે કાર્ય, આપણા કર્તવ્યને લીધે. તથા સમયના અભાવસર નથી કરી શકયા તે અત્યારે કરીને પોતાના જીવનને આનંદમય બનાવવું.

**આચારઃ** અર્થાત્ દિનચર્યા. હંમેશા સવારથી દિનચર્યા બનાવવી કે આજે શુ કામ કરવું છે ? કેવી રીતે કરવું છે ? દિવસનું હંમેશા શેડ્યુલ બનાવવું. આચાર એટલે સામાજિક સંબંધ જાળવવાની કળા સમાજમાં રહીને સમાજને ઉપયોગી થવું. સમાજપયોગી કામને પ્રાધાન્ય આપવું. શિસ્તતાથી જીવવું. નિયમઅનુસાર જીવવું.

વ્યક્તિ - કુટુંબ - સમાજ - રાજ્ય - દેશ - વિશ્વ.

**वसुधैव कुटुम्बकम्**

**વિચારઃ** વિચાર જે આપણા ચિત્તમાં સતત ચાલતાં જ રહે છે. વિચારો પર કાબુ રાખી મન શાંત રાખવું.

**चित्तवृत्ति निरोधः**

વિચારો બે પ્રકારના છે. સકારાત્મક અને નકારાત્મક. સકારાત્મક વિચાર કરવા. દિવસને અંતે આ વિચારો લખવા. રાત્રે સુતી વખતે દિનચર્યા તથા તેનું વિશ્લેષણ કરવું અને તેમાંથી થયેલી ભુલોને સુધારીને આગળ વધવાનો પ્રયત્ન કરવો. આના માટે સારા પુસ્તકોનું વાંચન ચિંતન તથા મનન કરવું જરૂરી છે. પ્રભુભક્તિ કરવી. ઈશ્વર પર દૃઢ આશ્રય રાખવો. ઈશ્વર જે કરે છે તે યોગ્ય જ કરે છે. સત્સંગ કરવો. ધ્યાન ધરવું જે મનને અસીમ શાંતિ આપે છે.

આ જીવનના ચાર સ્તંભના સહારાથી જિંદગીની સફર આસાન થાય છે. અને મનુષ્યને જીવનનાં અંતિમ લક્ષ્યને પામવામાં મદદ કરે છે.

**''सर्वे सुखिन भवन्तुः।''**

# મારા પિતા

- ગોપાલભાઈ ભટ્ટ

આજે જે લેખ લખવા જઈ રહ્યો છું તેમાત્ર લેખ નહિ પરંતુ મારી જીંદગી છે. મારું સર્વસ્વ છે. મારો આત્મા છે, ભગવાને નીમેલા મારા જન્મદાતા અને પાલનહાર મારાપિતા..!

કોઈપણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે,

સંતમહાત્માઓ અને મોલાના પણ માતાના મહત્વવિશે જ વધારે કહે છે, લેખકો-

કવિઓએ પણ માતાના ખુબ વખાણ કર્યા છે.

પણ કયાંય પિતા વિશે બોલાતું નથી. કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે પણ તે એકાદ બે ટકા હશે.

પિતાના ઠેકઠેકાણે સંધાયેલા જોડા જોઈએ તો તેમનો પ્રેમ નજરે ચડે.

તેમનું ફાટેલું ગંજી જોઈએ તો સમયજાય કે આપણાં નસીબના કાણા તેના ગંજીમાં પડયા છે.

તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા દીકરીને નવા કપડા લઈ આપશે પણ પોતે તો જુના જ વાપરશે.

સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલુનમાં જઈને બીલ કરશે પણ તેમના જ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાસ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરીલેશે !

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે. પણ આજીવિકાની વ્યવસ્થા કરનાર પિતાને આપણે કેટલી સહજતાથી ભૂલી જઈએ છીએ. ?

બધાની સામે મોકળા મને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડુસકાભરે છે તે પિતા હોય છે...!

માતા રડે છે પણ પિતાને તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી. કારણ કે નાના ભાઈ બહેનોને સાચવવાના હોય છે !

પત્ની અડધે રસ્તે સાથ થોડીને જતી રહે તો બાળકોના આંસુલુછવાનું કામ પણ પિતા એજ કરવાનું હોય છે...!

પિતા માંદા પડે ત્યારે તરતજ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી પણ જો ડોકટર એકાદ મહિનો આરામ કરવાનુ કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે.

કારણકે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈ પણ સાધન હોતું નથી.

પહોચ હોય કે ન હોય પણ દીકરાને એન્જીનીયરીંગ કે મેડીકલમાં પ્રેવશ અપાવે છે... !

ખેંચ ભોગવીને પણ બાળકને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે... !

કોઈપણ પરીક્ષાનું પરિણામ આવે ત્યારે માતા જ સહુથી નજીકની લાગે કારણ કે બાજુલે છે, વખાણ કરે છે, આશિષ આપે છે. પણ ગુપચુપ જઈને પેંડાના પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી... !

બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખુબ મહત્વ હોય છે પણ હોસ્પીટલની લોબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી... !

પિતાશ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે. તો ભલે ઉભા ઉભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે... !

યુવાન દીકરો ઘરે મોડો આવે ત્યારે પિતા જ તેની રાહ જોઈને મધરાત સુધી ઉજાગરા કરતા હોય છે... !

દીકરાની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેકઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે. બસ હવે વધુ કઈ નહિ લખી શકું.

જો તમને આલેખ અને વાતો ગમી હોય તો શેર કરજો મિત્રો સાથે જેથી કરીને એમના કોઈક શબ્દો કોઈક મા બાપને વૃદ્ધાશ્રમે જતા અટકાવશે. તો મારો અને તમારો જન્મારો સફળ ગણાશે... !

# ગાજો, વરસો અને ઢંઢેરો પીટો

**- પ્રવીણા કડકીઆ**

આ ત્રણેય વિશેષણ વાદળને લાગુ પડે છે. ગાજ્યા મેઘ વરસે નહી. વરસે તો હેલીમાં નહવાની મઝા આવે. બારે મેઘ ખાંગા થાય ત્યારે અટકવાનું નામ ન લે! તારાજી પણ સર્જે. ઢંઢેરો પીટે નહી. વાદળાં ઘેરાય અને વરસીને વિખરાઈ જાય.

નારી આવીઆ સરળ નથી. તેની હર અદા અને ચાલ નિરાળી છે. તમે સંમત છો ? શું લાગે છે ? આજના જમાનાની રીત! કશું જ કામ બોલ્યા વગર નહી કરવાનું ! આ કામ મેં કર્યું ! આ કામ તો આમ જ થાય ! આમ તે કાંઈ થતું હશે ? અરે આ તમે જોયું પણ નહી ? અરે આને પુરસ્કાર પેલી સંસ્થાએ આપ્યું. મારે જે કહેવું છે તે કહીશ! આ તો થઈ સાવ સામાન્ય વાત, રોજબરોજના વપરાશમાં આવા વાક્યો સાંભળવા આપણા આ બે કાન ટેવાયેલાં છે.

કદી સૂરજને કહેતાં સાંભળ્યો છે? હું આજે ઉગ્યો, પ્રકાશ આપીશ, અરે અંધકારને મારી ભગાડીશ. ચૂપચાપ પોતાનું કાર્ય કરે છે. જેમને તેની કદર છે તેઓ મનોમન કે બે હાથ જોડી પ્રણામ કરી સૂરજની મહત્વતાનો સ્વિકાર ખુલ્લા દીલે કરે છે. તે નથી જોતો સ્થળ કે સમય, જંગલ કે વેરાન બસ બધે એક સરખો પ્રકાશ આપે છે.

નારીનું સ્થાન ક્યાં નથી? તેની મહત્વતા અને ગુણવત્તાની ગાથા સઘળે સ્થળે ખુલ્લે આમ જણાય છે. નારી વગર દુનિયાની કલ્પના અસંભવ છે.

કરૂણતા ત્યારે સ્પષ્ટ જણાય છે જયારે નારી ઉઠીને પોતાની મહત્તાના ગાણા ગાય છે. નારી તં સર્વત્ર પુજનીય છે. આજે જ્યાંને ત્યાં નજર પડશે, નારી પુરૂષ સમોવડી છે.

સનાતન સત્ય સિવ્કારવું રહ્યું નારી-નારી છે, પુરુષ પુરૂષ છે.

નારી તારી માતા બનવાની શક્તિ અણોલ છે. તું જે છે તેમાં બે મત નથી! પ્રેમ અને વાત્સલ્ય નારીના ઉપનામ છે. કરૂણા સભર તેને ઈશ્વરે નિરાંતે ઘડી છે.

તમે કહેશો ૨૧મી સદીમાં જાતિ બદલી શકાય છે. એ કુદરત સાથે માનવીના ચેડા છે !

તમે જે છો, તે છો! આ તો અધૂરા ઘડા છલકાયની જેમ બસ આખો વખત ગરજવાનું વરસવાનું અને ઢંઢેરો પીટવાનો.

અરે, બહેન શાંતિ રાખો તમારા ઈલાકામાં કોઈની તાકાત નથી પગ પસેરો કરી શકે. નારી તું શક્તિમાન છે. તારી શક્તિ હંમેશા તું સદમાર્ગે વાપરી જાણે છે. જે ગરજે છે. વરસે છે અને ઢંઢેરો પીટે છે તે પોતાની અશક્તિનું ખુલ્લે આમ લિલામ યા પ્રદર્શન કરે છે.

નારી પોતાની જવાબદારી સંપૂર્ણ પણે નિભાવી જાણે છે. એ કોઈએ એને માથે ઠોકી બેસાડી નથી! તેને એ પોતાનું કર્તવ્ય સમજે છે. જેમ ભરેલાં પેટ વાળા

નવજાત શીશુને તમે દૂધ પીવાની જબરદસ્તી ન કરી શકો, તેમ નારી કોઈપણ વસ્તુ દબાણથી નહી તેના નારી સહજ કોમળ અને સહૃદયી સ્વભાવથી કરે છે. જ્યારે બાળક ભૂખ્યું હશે ત્યારે માતાના ખોળામાં રહી તેનું સ્તન શોધી આપોઆપ ચપ ચપ દૂધ પીશે ! કોઈ પણ સ્ત્રી બાળકનો ઉછેર પ્રેમ પૂર્વક અને કાળજીથી કરે, કોઈના કહેવાથી નહીં. પોતાનું લોહી છે તેથી મમતા સભર કરે.

ના, પણ આજે બસ બધી વાતનો ઢંઢેરો પીટવાનો મૌનની શક્તિ જાણે લુપ્ત થઈ ગઈ જણાય છે.

રહિમન હીરા કબ કહે લાખ ટકા મેરા મોલ,

નારી તું કુદરતની કરામત છે. તારી ગાથા સદીઓ પુરાણી છે. કદી સીતાને બણગાં મારતી સાંભળી? જીજાબાઈએ શિવાજીને સંસ્કાર આપ્યા કયાંય ઢંઢેરો પિટયો ? ગાંધીજીના માતાએ દીકરાના સંસ્કાર દ્વારા અમરતા પ્રાપ્ત કરી.

આજની નારી તું ક્યાં નથી પહોંચી? તારી મહાનતા અને પ્રગતિ સઘળી દિશાઓમાં વ્યાપક છે. જીંદગીના હરક્ષેત્રને નારીએ મહેનત અને ઈમાનદારી પૂર્વક સોહાવ્યુ છે. તારી પાસે શું નથી? બસ તારે વિશ્વાસ અને શ્રધ્ધાપૂર્વક જીવન જીવવાનું છે. તારી જાતને કોઈની પણ સાથે સરખાવવાની જરૂર નથી.

**જગતમાં નારી તું સત્યનો પુંજ છે.**

**તારે પ્રતાપે ધર્મનો ગઢ અતૂટ છે.**

ગરજવાની, વરસવાની કે ઢંઢેરો પીટવાની કોઈ જરૂર નથી. વીરાંગનાઓને દાખલા તરીકે નજર સમક્ષ રાખ. તું જે પણ કરે તેમાં શંકાને સ્થાન નથી. તારા અંતરનો સાદ સાંભળ તે તને યોગ્ય માર્ગદર્શન આપશે. જ્ઞાનનો દીપ જલાવ.

**નારી તું નારાયણી કોઈના કીધે નહી,**

**તારા સ્વના સાદે. પ્યારના પંથે.**

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો.કે.સોસાયટી લી.

**સર્વે શેર હોલ્ડર ભાઈઓ તથા બહેનો**

સવીનય નિવેદન છે કે ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૨૮મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩.૭.૨૦૧૪ને બુધવારના રોજ ૭.૩૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે પ્રમુખશ્રી યોગેશભાઈ રમણીકલાલ ધારીયાના પ્રમુખ સ્થાને રાખવામાં આવેલ છે તો શેર હોલ્ડર સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

સવીનય નિવેદન છે કે ઉપરોક્ત કેડીટ સોસાયટીમાં તા. ૧-૬-૨૦૧૪થી નવી ફીક્સ ડીપોઝીટ શરૂ કરી છે તેના વ્યાજના દરો નીચે મુજબ છે.

**૧ વર્ષ થી ૨ વર્ષની અંદર** ૭ % **૨ વર્ષ થી ઉપર** ૮ %

Senior Citizen મેમ્બરો માટે વ્યાજનો દર અડધો ટકા વધારે રહેશે.

**-માનદ્મંત્રીઃ શ્રી કૌશીકભાઈ કા. કડકીયા, શ્રી મંજુલભાઈ શૈ. ધારિયા**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

નોકરીની જરૂરીઆત માટે એક અરજી એકાઉન્ટસ મેનેજરની પોસ્ટ માટે આવેલી છે. તે વ્યક્તિ ઈન્ટર સીએ (Inter CA) ભણેલ છે. અને ઉંમર ૫૫ વર્ષ છે ત્રીસ (૩૦) વર્ષના કામકાજનો અનુભવી છે.

જ્ઞાતી જનોને જરૂરીઆત હોય તો પ્રગતિ સમાજની ઓફીસમાં સંપર્ક સાધવા વિનંતી છે. આ વ્યક્તિને જોબ ઓપરચ્યુનીટી સ્કીમ હેઠળ લાભ મળશે.

**લી. મંત્રીઓઃ શ્રી રાજેન્દ્ર દેસાઈ, પરેશ પરીખ**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ
# અનુકરણીય દાન

**ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન / વચન મળેલ છે.**

૧. લીલાબેન ગુણવંતરાય ઓચ્છવલાલ શાહ (સુરતવાળા)નાં સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૨,૫૧,૦૦૦ (રૂા. બે લાખ એકાવન હજાર)નું સ્વૈચ્છિક દાન પ્રાપ્ત થયેલ છે.

૨. શ્રી સલીલ દિનકરલાલ ગાંધી(પાકા) તરફથી તેમની સુપુત્રી ચિ. મિતીનાં લગ્ન પ્રસંગે રૂા. ૧૫,૦૦૦ (રૂા. પંદર હજાર) નું દાન વચન મળેલ છે.

૩. શ્રીમતી મણીબેન પુનમચંદ અને શ્રી પુનમચંદ શાહ (વાઘકડકીઆ)નાં કુટુંબીજનો તરફતી શ્રીમતી મણીબેન પુનમચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ ની સ્થાપના વખતે રૂા. ૨,૫૧,૦૦૦ (રૂા. બે લાખ એકાવન હજાર)ની રકમ પ્રાપ્ત થયેલ.

મંડળની ૮૭મી વાર્ષિક સામાન્ય સભા વખતે રજુઆત કર્યા મુજબ આજ રોજ ટ્રસ્ટની કુલ રકમ રૂા. ૫,૦૦,૦૦૦ (રૂા. પાંચ લાખ પુરા) થાય છે.

મંડળ દાતાશ્રીઓનો અને તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

**માનદ્ મંત્રીઓ**
**મંજુલ શૈલેષ ધારીઆ, જસ્મીન શેઠ**

## શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

મંડળની ૯૦મી વાર્ષિક સામાન્ય સભા ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૪ રવિવારના રોજ સવારે ૧૦ કલાકે મંડળના પ્રમુખ શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળાનાં પ્રમુખ સ્થાને રમા વાટુમલ ઓડિટોરીયમ (કે.સી.કોલેજ-ચર્ચગેટ), મુંબઈ - ૨૦ ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબહેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રુપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત TALENT APPRECIATION SCHEME ના ઉપક્રમે, વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના, શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર કરી સન્માન કરવામાં આવશે.

## વાડસોલ કર્મવીર

મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શક ભુમિકા ભજવનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)ની પ્રેરક સ્મૃતિ રૂપે 'વાડસોલ કર્મવીર' સન્માન પદક આપવામાં આવે છે.

જે અન્વયે આ વર્ષે, આપણા સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલિન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા તેમજ જ્યોતિપુંજનાં પ્રથમ તંત્રી શ્રી પ્રવીણ સાંકરલાલ દેસાઈની સેવાઓને 'વાડસોલ કર્મવીર' સન્માનથી ગૌરવાન્વિત કરાશે.

**માનદ્‌મંત્રીઓ**

**મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન શેઠ**

# અચ્છે દિન આનેવાલે હૈ

**વિરાટ કોહલી - એ.આર. રહેમાન - સોનુ નિગમ - શ્રેયા ઘોષાલ - રણબીર કપુર**

જેવા કલાવંતો અને રમતવીરો કે અન્ય કોઈપણ પ્રકારની અસાધારણ પ્રતિભા ધરાવનાર વાડાસિનોર દશાનીમા વણિક સમાજનાં નામી અનામી તારલાંઓને જાહેર નિમંત્રણ, આપની ઉપલબ્ધિઓથી અમને વાકેફ કરો. આપની ઉપલબ્ધિઓને

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રુપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર)**

**પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

અન્વયે સમાજ સમક્ષ પ્રકાશિત કરી, આપનું અને સમાજનું ગુણ ગૌરવ કરવાની અમને તક આપો.

આપની ઉપલબ્ધિઓ, આપનાં અને આપનાં કુટુંબીજનો માટે તો ગૌરવપ્રદ બની જ રહેશે, સાથે સાથે સમાજજનો અને ભાવિ પેઢી માટે પણ પ્રેરકબળ બની રહેશે.

અમે આશા રાખીએ કે આ જાહેરાતનાં દરેક વાંચક, પોતાનાં સંબંધીઓનાં વર્તુળમાં આવા કોઈપણ તારલાં હોય તો એ વિષે અમને જાણ કરે અથવાં તો તેઓને અમારા સુધી પહોંચવા પ્રોત્સાહિત કરે.

વાડાસિનોર દશાનીમા વણિક સમાજની દરેક દિકરીઓ અને તેમના સંતાનોની ઉપલબ્ધિઓ પણ સન્માન ને પાત્ર છે.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી જસ્મીન બિપીન શેઠ - ૯૮૨૦૮૩૦૦૬૦** **શ્રી મંજુલ શૈલેષ ધારીઆ - ૯૮૨૦૧૩૫૦૧૪**

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કારોબારી સમિતિની ૪થી બેઠક શ્રી દક્ષેષ બા.કડકીઆના પ્રમુખપદે તા. ૩-૬-૧૪ મંગળવારના રોજ સુભદ્રાબેન ન.શાહ (કોલકતાવાળા) મિટિંગ રૂમ, પ્રગતિ સમાજ, મુંબઈ-૨ ખાતે મળી હતી.

મંડળ તથા ટ્રસ્ટની ત્રીજી કારોબારી સમિતિની મીનીટસનું વાંચન કર્યુ અને મંજુરી મળી હતી. મંડળ તથા ટ્રસ્ટના અન-ઓડીટેડ એકાઉન્ટસ વાંચી સંભળાવ્યા હતા જેને થોડા ઘણા ખુલાસા બાદ મંજૂર કરી ઓડીટ કરવા માટે મોકલવાની મંજૂરી મળી હતી. આર્થિક રાહત સમિતિનો રીપોર્ટ રજૂઆત કરવામાં આવ્યો હતો. કારોબારીના બધાજ સભ્યો આ વર્ષે ફારેગ થતા હોવાથી, ચૂંટણી કરવાની રહેશે.

ટ્રસ્ટની ૩૫મી તથા મંડળની ૮૬મી વાર્ષિક સભાની તારીખ, સમય અને સ્થળ માટે હોદેદારોને સત્તા આપવામાં આવી હતી. વાર્ષિક સભા તથા ચૂંટણી થાય તો ખર્ચ માટે રૂા. ૬,૦૦૦/- ટ્રસ્ટ તથા મંડળમાં મંજુર કર્યા હતા. ચૂંટણી પંચના અધ્યક્ષ તરીકે શ્રી નિતીન પ્રવિણચંદ્ર ગાંધીની નિમણૂક કરી હતી.

૧૫ મેમ્બરો હાજર રહ્યા હતા.

નાસ્તાને ન્યાય આપી સભા બરખાસ્ત થઈ હતી.

**મંત્રીઓ - શ્રી પરેશ પરીખ, શ્રી કીરીટ ધારીઆ**


COMPUTER COURSE

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**
**શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત**

COMPUTER COURSE

## કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ Software Academy (પ્રાર્થના સમાજ)/ M/S. Raj Software Techonology (India) LTD. (**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E)), સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે.

આ યોજના માટે સંસ્થામાં / સંયોજક પાસે ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

વધારે માહિતી માટે સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆનો સંપર્ક કરવો.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

# શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર

ઘણા વર્ષોથી જુના નેક-ભોગ જે વૈષ્ણવોએ લખાવેલ છે તેમાં જે મનોરથીઓ હયાત ન હોય તેમેના નેક-ભોગ રદ કરવામાં આવશે પરંતુ જે કોઈ અંગત લાગતા વારસદારો નેક-ભોગમાં (૩૦૦૧/- થી ઓછી નહીં) ખુટતી રકમ પુરી કરી પોતાના નામે કરવા માંગતા હશે તો તે ચાલુ કરવામાં આવશે, આની જાણકારી તા. ૨૫–૧૦-૨૦૧૪ પહેલા કરવાની રહેશે. જેમની હયાતી ન હોય પરંતુ ઓછામાં ઓછી રૂા. ૩૦૦૧/- કે વધુ નેક-ભોગની રકમ હોય તેના વારસદારો નામ બદલાવી શકે છે, જેની જાણકારી આપ શ્રી રજની લટકારી મો. ૯૮૨૧૦૨૯૩૪૬, શ્રી મદન મોહનજી મંદિર ટ્રસ્ટીઓને આપી શકો છો.

ઉપરોક્ત મંદિરને ૨૦૦ વર્ષ પુરા થતા હોવાથી દિવાળીમાં દ્વિતીય શતક નિમિત્તે નીચે મુજબના પ્રસંગોનું આયોજન કરવામાં આવશે.

૧) તા. ૨૪-૧૦-૨૦૧૪ના રોજ છપ્પન ભોગ તેમજ તા. ૨૫-૧૦-૨૦૧૪ના રોજ બપોરના પ્રસાદના મનોરથી. જે વૈષ્ણવ (બાલાસિનોરવાસી) રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂા. પાંચ લાખ) કે તેથી વધુ હશે તેને મનોરથી બનાવવામાં આવશે.

(૨) તા. ૨૨-૧૦-૨૦૧૪ અને ૨૩-૧૦-૨૦૧૪ના બે દિવસ ૮૪ બેઠકનું પ્રદર્શન જે વૈષ્ણવ (બાલાસિનોરવાસી) રૂા. ૩,૦૦,૦૦૦/- (રૂપિયા ત્રણ લાખ) કે વધુ આપે તેને મનોરથી બનાવવામાં આવશે.

૩) તા. ૨૩-૧૦-૨૦૧૪ના રોજ રાત્રે ભજન સંધ્યા (બહારથી બોલાવેલ મંડળી દ્વારા) જે વૈષ્ણવ (બાલાસિનોરવાસી) રૂા. ૧,૫૦,૦૦૦/-માં (દોઢ લાખ) કે તેથી વધુ આપે તેને મનોરથી બનાવવા.

(૪) આ ઉપરાંત ચુંદરી મનોરથ જે ચૂંદરી દીઠ રૂા. ૧૫૦૦/- (પંદરસો) આપે તે તેમજ નાવનો મનોરથ જે વૈષ્ણવ રૂા.૧૦૦૦/- (એક હજાર) આપે તેને મનોરથી તરીકે લેવા.

ઉપરના પ્રસંગોમાં જે બાલાસિનોરના વૈષ્ણવની ઈચ્છા હોય તેમને શ્રી રજનીકાંત લટકારી (મો. ૯૮૨૧૦૨૯૩૪૬) નો સંપર્ક સાધવો.

**નોંધઃ** ઉપરના પ્રસંગોના મનોરથી પ્રાપ્ત ન થાય તો તેવા સંજોગોમાં ટ્રસ્ટીઓ યોગ્ય નિર્ણય લેશે.

**– ટ્રસ્ટીઓ – શ્રી મદન મોહનજી મંદિર**

# કે.એમ.જી.જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

**હોસ્પિટલમાં મળેલ સાધન દાનઃ**

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચેના દાતાઓ તરફથી વ્હીલચેર સાધનદાનમાં મળેલ છે. દાતાશ્રીઓનો સંસ્થાવતી ખુબ ખુબ આભાર માનવામાં આવે છે.

(૧) દિપકભાઈ રતીલાલ મહેતા - ૨ નંગ

(૨) લીલાબેન ચીમનલાલ મોદી - ૨ નંગ

(૩) નવનીતલાલ પુનમચંદ શાહ - ૧ નંગ

(૪) શ્રી સોમાભાઈ સોલંકી ગામ - ફેલસાણી તરફથી સારી હાલતમાં વ્હીલચેર નં ૧

**નીચે મુજબના વિવિધ વિભાગોમાં તા. ૧-૪-૧૩ થી તા. ૩૧-૩-૧૪ દરમ્યાન દર્દીઓએ લાભ લીધેલ.**

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ | - એક્ષરે વિભાગ | - ૬૨૬૫ |
| (૨) | પ્રવીણાબેન દિલીપકુમાર ધારીઆ (લાલખાં) | - દંત વિભાગ | - ૧૮૫૦ |
| (૩) | બાલાસિનોર નાગરીક સહકારી બેંક | - ઓર્થોપેડીક વિભાગ | - ૭૮૫૪ |
| (૪) | રમણભાઈ જેઠાલાલ કચેરીઆ | - સ્કીન વિભાગ | - ૨૮૧૮ |
| (૫) | શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી | - ઈ.એન.ટી. વિભાગ | - ૨૦૮૮ |

**ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાનઃ**

(૧) બાલાસિનોર વિકાસ ક્રેડીટ કો.ઓ.સોસાયટી લી. - રૂા. ૬૧,૦૦૦/-

(૨) લાલજીભાઈ જેઠાભાઈ પટેલ, મું. રંગીનપુરાલાટ - રૂા. ૧૦,૦૦૦/-

**માનદ્ મંત્રીશ્રીઓ – શ્રી રાજેન્દ્ર દેસાઈ – શ્રી નીતીન પરીખ**

---

## શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપરોક્ત મંડળની કારોબારીની એક બેઠક તા. ૨૯-૫-૨૦૧૪ના રોજ પ્રમુખ શ્રી પ્રવીણ દેસાઈનાં પ્રમુખ પદે મળી હતી. શાળાઓ અંગેની માહિતી તથા ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલના પચાસ વર્ષની ઉજવણી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શાળા સમિતિની થયેલી મિટિંગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નાસ્તા ફંડ મીતી યોજનામાં ભંડોળ પ્રાપ્ત થયેલ છે. મંડળને રૂા. ૩,૫૦,૦૦૦ (રૂા. ત્રણ લાખ પચાસ હજાર પુરા)નું માતબર દાન શ્રી અજય પૂનમચંદ દેસાઈ (વકીલ) તરફથી એક વર્ગ ખંડ માટે પ્રાપ્ત થયેલ છે.

રૂા. ૧,૫૦,૦૦૦ (રૂા. એક લાખ પચાસ હજાર પુરા)નું વચન અરૂણાબેન રાજુભાઈ શાહ (બેઆની) તરફથી વર્ગ ખંડના સાધન દાન માટે મળેલ છે.

રૂા. ૫,૦૦,૦૦૦ રૂા. પાંચ લાખ પુરાનું માતબર દાન શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળાના પુત્ર પુત્રી શ્રીમતી સ્નેહલતાબેન, શ્રી સતીષભાઈ, સ્વ.શ્રી ભુપેન્દ્રભાઈ તથા શ્રી કેતનભાઈ તરફથી વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે શૈક્ષણિક પારિતોષિક તથા બેસ્ટ ટીચર્સ એવૉર્ડ માટે પ્રાપ્ત થયા છે.

**મંત્રી : જતીન ન.દેસાઈ, નીતીન ન. દેસાઈ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૧૧મી બેઠક (એક દિવસીય મીટીંગ) તા. ૨૪-૫-૨૦૧૪ શનિવારના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાલા) મીટીંગ હોલ (પ્રગતિ સમાજની ઓફીસ) ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ) ના નેજા હેઠળ મળી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ આમંત્રીત સર્વ મહેમાનો, વડીલો અને કાર્યકર્તાઓને આવકાર આપ્યો હતો.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહે ગત મીટીંગનો અહેવાલ રજુ કર્યો હતો, તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી નીકેશ ગાંધીએ ગત વર્ષનો બીન અન્વેષિત હિસાબ રજુ કર્યો હતો, તે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના મંત્રીશ્રી ભાવેશ મોદીએ મંત્રી નિવેદન રજુ કર્યું હતું હતો જે પસાર કરવામાં આવ્યું હતું.

આમંત્રીત વડીલોએ સંસ્થાની ગત વર્ષની સેવાઓ બિરદાવી હતી અને સારા ભવિષ્યની આશા વ્યક્ત કરી હતી.

કુલ ૩ લીવની અરજી આવી હતી તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી**

### બાલાસિનોરનું ગૌરવ

બૃહદ મુંબઈ પ્લમબીંગ એસોસીએશનના માનદ્ સભ્ય શ્રી મનીષ ચંદ્રકાંત પરીખનું અમેરીકન સ્ટાનર્ડ એવોર્ડથી બીરદાવ્યા છે. સંસ્થા વતી એમને ખુબ ખુબ અભીનંદન

## પ્રકીર્ણ વિભાગ

### તેજસ્વી તારલાં

❖ સોમ લલિત ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, અમદાવાદ દ્વારા લેવાયેલ ફાઈનાન્સ ડીસીપ્લીન ઓફ ધ પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન મેનેજમેન્ટ પ્રોગ્રામ (૨૦૧૨-૧૪)ની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થવા બદલ **કુ. નિધિ નીતિન શાહ** (રહે. વલ્લભ વિદ્યાનગર, આણંદ)ને સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે.

❖ સ્મીથ સંદીપ દેસાઈ

૧૨ સાયન્સ ૬૩.૬૯ ટકા સાથે ઉર્ત્તીણ થયેલ છે.

❖ ધ્રુવિલ નિમિષ દેસાઈ

૧૨ સાયન્સ ૮૫.૨૩ ટકા સાથે ઉર્ત્તીણ થયેલ છે.

ઉપરોક્ત સર્વેને સંસ્થા તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ તેમજ અભિનંદન.

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| કડકીયા હરેશ બાબુલાલ (બેરા) | ૬૧ |
| કાદંબરી હાર્દિક મહેતા (પડાલવાળા) | ૩૭ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

### જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો. **મંત્રી : ભાવેશ મોદી**